# અંબામાની આરતી

જય આદ્યાશક્તિ મા જય આદ્યાશક્તિ
અખંડ બ્રહ્માંડ દીપાવ્યાં (૨) પડવે પ્રગટ થયાં....
***ભાવાર્થ***
*આદિ શક્તિ અંબામાતાનો જય હો આદિ શક્તિ અંબામાતાનો જય હો*
*જેના દિવ્ય તેજથી અખંડ બ્રહ્માંડ પ્રકાશિત છે અને જે સુદ એકમે પ્રગટ થયાં છે.*
Glory be to mother Amba the primordial energy Glory be to mother Amba the primordial energy whose divine light illuminates the entire universe and who manifested on the first day of Navratri.

દ્વિતીયા બેય સ્વરૂપ શિવશક્તિ જાણું મા
બ્રહ્મા ગણપતિ ગાયે (૨) હર ગાયે હર મા....
***ભાવાર્થ***
*મા હું તને શિવ અને શક્તિના બન્ને સ્વરૂપે જાણું છું*
*બ્રહ્મા ગણપતિ અને શિવ તારો મહિમા ગાય છે.*
I recognise you as both the benevolent Shiva and primordial energy
even Brahma, Ganesh and Shiva sing your praises.

તૃતિયા ત્રણ સ્વરૂપ ત્રિભુવનમાં બેઠાં
ત્રયા થકી તરવેણી (૨) તું તરવેણી મા
***ભાવાર્થ***
*ત્રણ સ્વરૂપે તું ત્રણ ભુવનમાં (સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ) બિરાજમાન છો*
*મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી, સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ, ગંગા, યમુના અને સરસ્વતી તેમજ જ્ઞાન, ભક્તિ અને મોક્ષ આ બધી ત્રીવેણીઓનો સંગમ આપ જ છો.*
You are the master of the trinity of the earth, heaven and hell, the great rivers Ganga, Yamuna and Saraswati, and knowledge, worship and eternal peace, You manifest as knowledge, wealth and destroyer of evil.

ચોથે ચતુરા મહાલક્ષ્મી મા સચારચર વ્યાપ્યાં
ચાર ભુજા ચહુદિશા (૨) પ્રગટયાં દક્ષિણમાં....
***ભાવાર્થ***
*ચતુર લક્ષ્મી સ્વરૂપે તમે આ સ્થાવર, જંગમ જે બધું છે તેમાં છો*
*ચાર દિશાઓ તમારા ચાર હાથ જેવી છે અને આપ પહેલાં દક્ષિણમાં પ્રગટ થયેલા.*
You pervade in this universe as skilful wealth (anything in this universe can be converted to wealth if the correct skill is available).The four directions are your four hands and you first manifested in the south.

પંચમી પંચ ઋષિ પંચમી ગુણ પદ્મા
પંચ સહસ્ત્ર ત્યાં સોહિયે (૨) પંચે તત્ત્વો મા....

*ભાવાર્થ*

*(અહીં પંચ એટલે પાંચને એ અર્થમાં લેવાયો છે કે)*
*ઋષિઓમાં તમે પાંચે ગુણ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) ધરાવતી મહાલક્ષ્મી રૂપે વસો છો. (ઋષિઓ તેમના વૈભવને આ સ્વરૂપે પ્રગટ કરે છે)*
*આ સૃષ્ટિના નિમિત્ત રૂપ જે તત્ત્વો છે (પૃથ્વી, આકાશ, જળ, તેજ અને વાયુ) તેમાં પણ તમે હજાર સ્વરૂપે શોભો છો*
You manifest in all divine forms everywhere.

ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો
નરનારીનાં રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા....

*ભાવાર્થ*

*હે મહાલક્ષ્મી તમે મહિષાસુરને માર્યો*
*વળી તમે બધે જ નર અને નારીને રૂપે વ્યાપ્યાં છો.*
O slayer of the evil Mahishasur, you are present everywhere as males and females.

સપ્તમી સપ્ત પાતાલ સાવિત્રી સંધ્યા
ગૌ, ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા....

*ભાવાર્થ*

*સાતે પાતાળમાં (અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાળ) પણ આપ બિરાજમાન છો.*
*ગાય, ગંગા, ગાયત્રી, ગૌરી અને ગીતા આ પાંચ માતૃસ્વરૂપ પણ આપ છો.*

અષ્ટમી અષ્ટભુજા આઈ આનંદા
સુનિવર મુનિવર જનમ્યા (૨) દેવ દૈત્યો મા....

*ભાવાર્થ*

*આઠ હાથવાળી મહાકાલી તમે દૈત્યોને હણીને આનંદ ફેલાવો છો*
*શુભ-અશુભ, દૈત્યો અને ભક્તો જન્મ પણ તમારી જ માયા છે.*
O Mahakali you slay evil forces and bring happiness again
The good and evil, the devils and worshippers are all your manifestations.

નવમી નવકુલ નાગ સેવે નવદુર્ગા
નવરાત્રિના પૂજન શિવરાત્રીના અર્ચન (૨) કીધાં હરબ્રહ્મા....

*ભાવાર્થ*

*નવે નવ કુળના નાગ આપના નવે સ્વરૂપોને (શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિ) ભજે છે*
*નવરાત્રિમાં તમારું પૂજન શક્તિરૂપે થાય છે, શિવરાત્રિમાં તમારી વિધિસર પૂજા થાય છે*
*શિવ અને બ્રહ્મા પણ તમારું પૂજન કરે છે.*
The deadly cobras worship your nine manifestations
During Navrartri you are worshipped as primordial energy for nine days, during Shivratri you are worshipped by following all the rituals of worship.

દશમી દશ અવતાર જય વિજયાદશમી
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા....
*ભાવાર્થ*
*વિજયાદશમીના દિવસે તમારા દશમાં સ્વરૂપની કૃપાથી*
*રામે રાવણને માર્યો અને તમારો જય જયકાર બોલાવ્યો.*
The tyrant Ravan was killed by the blessing of your tenth manifestation
thus applauding one of your many forms.

એકાદશી અગિયારસ કાત્યાયની કામા
કામદુર્ગા કાલિકા (૨) શ્યામા ને રામા....
*ભાવાર્થ*
*અગિયારમી રાત્રે કાત્યાયની માતાનું સ્વરૂપ પૂજાય છે કારણ કે તે સ્વરૂપે (શ્યામા-રાધા*
*અને રામા-સીતા) મા સર્વ કામનાઓને પૂરી કરે છે.*
On the eleventh night you manifest as Katyayani,
By worshipping this form ones desires are fulfilled.

બારસે બાળારૂપ બહુચરી અંબા મા
બટુક ભેરવ સોહિયે કાળભેરવ સોહિયે તારાં છે તુજ મા......
*ભાવાર્થ*
*બારમા દિવસે મા બાળસ્વરૂપે પ્રગટેલા*
*એમની અડખેપડખે ક્ષેત્રપાળ અને કાળભૈરવ બિરાજે છે.*
On the twelfth day you manifested as a young girl
with two powerful servants on either side of you.

તેરશે તુળજારૂપ તું તારિણી માતા
બ્રહ્મા, વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતાં......
*ભાવાર્થ*
*તમારું તેરમું સ્વરૂપ તુળજાભવાની છે જે બધાંને તારે છે*
*આવા તમારા સ્વરૂપના ગુણગાન બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ પણ ગાય છે.*
Your thirteenth manifestation is of a merciful mother who helps everyone
This manifestation is worshipped by Brahma, Vishnu and Shanker.

ચૌદશે ચૌદા રૂપ ચંડી ચામુંડા
ભાવ ભક્તિ કંઈ આપો ચતુરાઈ કંઈ આપો સિંહવાહિની માતા......
*ભાવાર્થ*
*ચંડીમાતા તમે ચૌદમા દિવસે ચામુંડા સ્વરૂપે આવો છો*
*સિંહ ઉપર સવાર એવા હે મા અમને થોડાંક ભક્તિભાવ અને ચતુરાઈ આપો.*
On the fourteenth day you manifest as Chandi Chamunda
O! rider of a lion give us some divine wisdom.

પૂનમે કુંભ ભર્યો સાંભળજો કરુણા મા

વશિષ્ઠ દેવે વખાણ્યાં, માર્કંડ દેવે વખાણ્યાં ગાયે શુભ કવિતા....

*ભાવાર્થ*

*પૂનમ એટલે સર્વત્ર ફેલાયેલી ચાંદાની શિતળતા, જેમ અમે આ ઘડાને પૂરેપૂરો ભર્યો છે તેમ અમે અમારા અંતરમાં તમારા બધા સ્વરૂપોના વર્ણનો ભર્યા છે, માટે મા અમારી વિનંતી સાંભળજો*

*આપનો મહિમા તો વશિષ્ઠ દેવે અને માર્કંડ દેવે પણ તેમની શુભ કવિતામાં ગાયો છે.*

On the fifteenth night when the sky is lit by the brightness of the full moon we have filled our hearts with all your manifestations and we pray that you grant us our wishes. Even the great sages Vashishtha and Markand have sung your praises in their holy prayers.

ત્રંબાવટીનગરી આઈ રૂપાવટીનગરી આઈ મંછાવટીનગરી

સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે (૨) ક્ષમા કરો ગૌરી, મા દયા કરો ગૌરી......

*ભાવાર્થ*

*તમે ક્યાં નથી? સોનાની કે ત્રાબાંની કે રૂપાની નગરી હોય, સોળ હજાર ગોપીઓરૂપે હો પણ તમે સર્વત્ર છો*

*પૂજન અર્ચનમાં અમારી કોઈ પણ ભૂલચૂક થઈ હોય તો અમને ક્ષમા કરજો, મા અમને ક્ષમા કરજો.*

You are omnipresent in various forms. Pardon our shortcomings and forgive us.

શિવશક્તિની આરતી જે કોઈ ગાશે

ભણે શિવાનંદ સ્વામી (૨) સુખસંપત થાશે,

હર કૈલાસે જાશે, મા અંબા દુઃખ હરશે...

*ભાવાર્થ*

*શિવ અને શક્તિનો મહિમા વર્ણવતી આ આરતી જે કોઈ પ્રેમથી ગાશે એને સુખ-સંપત્તિ મળશે અને મા અંબા તેના સઘળા દુઃખ દૂર કરીને તેને કૈલાસમાં શિવશક્તિના ચરણોમાં સ્થાન આપશે.*

Whoever worships Shiv and Shakti with faith will have their problems solved and they will find ultimate happiness in the abode of Shivshakti.